બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાન સહાયનું ધોરણ સુધારવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૮૯/(મં-૪૭૨/૯૬)ગ.
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૫-૧૦-૮૯

સંદર્ભ: :-

૧: શિક્ષણ વિભાગનો તા.૧૦-૧૧-૭૮નો ઠરાવ ક્રમાંક:જીએસી/૧૦૭૭/૩૯૧૯૭/ગ.
૨: શિક્ષણ વિભાગનો તા.૨૦-૬-૮૭નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૮૭/૨૬૮૬/ગ.
૩: શિક્ષણ અને મજુર વિભાગનો તા.૨૮-૧૦-૭૫નો ઠરાવ ક્રમાંક: ઈડીએસ/૯૧૭૫/૧૬૨૦૫/બી.
૪: શિક્ષણ વિભાગનો તા.૭-૫-૮૮નો ઠરાવ ક્રમાંક:ઉમશ/૧૨૮૭/૬૮૨૦૩/ગ.૧

"ઠ રા વ"

૧/- બિન-સરકારી માધ્યમિક શાળાઓને સને.૧૯૭૭-૭૮ના વર્ષથી અનુદાન સહાયના ધોરણ માટે ઉપર આમુખ (૧) માં દર્શાવેલ તા.૧૦-૧૧-૭૮ના ઠરાવથી જે હુકમો કરવામાં આવ્યા હતા, તેમાં ઉપર આમુખ (૨)માં દર્શાવેલ તા.૨૦-૬-૮૭ના ઠરાવના ફકરા-૧ માં (ક-૧)અને ક્રમાંક(ક-૨) થી ફેરફાર કરીને સને.૧૯૮૭-૮૮ના વર્ષથી જે અનુદાન સહાયનું ધોરણ સુધારવામાં આવ્યું હતું તેમાં ફેરફાર કરીને સને.૧૯૮૯-૯૦ના વર્ષથી બિન-સરકારી માધ્યમિક શાળાઓને અનુદાન સહાયનું ધોરણ નીચે મુજબ રાખવા સરકાર આથી ઠરાવે છે.

(ક-૧) ૧૦ કિ.મી.ની અંદર માધ્યમિક શાળા ન હોય તો તેવી શાળાને આ સાથે સામેલ યાદી પ્રમાણે પહેલા વર્ષથી ૧૦૦% ગ્રાન્ટ મળશે.

(ક-૨) આદિવાસી ગ્રામ્ય વિસ્તારમાં ૫ કિ.મી.થી વધુ અંતરના વિસ્તારમાં માધ્યમિક શાળા ન હોય ત્યાં માધ્યમિક શાળા શરુ કરવા માટે પહેલા વર્ષે ૨૫% અને બીજા વર્ષથી ૧૦૦% ગ્રાન્ટ આપવામાં આવશે.

(ક-૩) બિન આદિવાસી ગ્રામ્ય (ગ્રામ/નગર પંચાયત) વિસ્તારમાં ૫ કિ.મી.થી વધુ અંતરે આવેલ વિસ્તારમાં માધ્યમિક શાળા ન હોય ત્યાં માધ્યમિક શાળા શરુ કરવા માટે પહેલા વર્ષે કોઈ ગ્રાન્ટ નહિ મળે અને બીજા વર્ષે ૪૦%, ત્રીજા વર્ષે ૬૦% તથા ચોથા વર્ષથી ૧૦૦% ગ્રાન્ટ મળશે.

(ક-૪) શહેરી વિસ્તાર એટલે કે મ્યુનિસિપાલીટી અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં વસતીના ધોરણે ૧૦,૦૦૦ની વસતીદીઠ એક શાળાના ધોરણે શાળા ઓછી હોય તો ખુટતી શાળા માટે પહેલા બે વર્ષે કોઈ ગ્રાન્ટ નહિ, ત્રીજા વર્ષે ૪૦%, ચોથા વર્ષે ૬૦% અને પાંચમા વર્ષથી ૧૦૦% ગ્રાન્ટ મળશે.

(ક-૫) ઉપર ૧ થી ૪ માં જણાવેલ પ્રકારમાં ન આવે તેવી માધ્યમિક શાળા મંજુર કરવામાં આવે તો ચાર વર્ષ સુધી કોઈ ગ્રાન્ટ મળશે નહિ.

૨/- ભૂતપુર્વ શિક્ષણ અને મજુર વિભાગના આમુખ (૩) માં દર્શાવેલ તા.૨૮-૧૦-૭૫ના ઠરાવ ના ફકરા (૬) માં આમુખ (૪)માં દર્શાવેલ તા.૭-૫-૮૮ના ઠરાવથી સુધારો કરીને જુન.૮૮ થી શરૂ થતી નવી બિન-સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને શાળા

-// ૨ //-

અનુદાન



....શાળા શરૂ થયાના પાંચ વર્ષ સુધી કોઈ ગ્રાન્ટ ન આપવાના હુકમો કરવામાં આવ્યા હતા. તેમાં સુધારો કરીને સને.૮૯-૯૦ના વર્ષથી બિન-સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાન સહાયનું ધોરણ નીચે મુજબ રાખવા સરકાર આથી ઠરાવે છે.

(ખ-૧) આદિવાસી વિસ્તારમાં ૧૦ કિ.મી.ની અંદર શાળા ન હોય તો,૨૦,૦૦૦ની વસતી થતી હોય તો ત્યાં પહેલા વર્ષે ૫૦% અને બીજા વર્ષથી ૧૦૦%ગ્રાન્ટ મળશે.

(ખ-૨) બિન-આદિવાસી ગ્રામ્ય (ગ્રામ-નગર પંચાયત) વિસ્તારમાં ૩૦,૦૦૦ની વસતીના ધોરણે ૧૦ કિ.મી.માં ઉચ્ચતર માધ્યમિક શાળા ન હોય ત્યાં પહેલા વર્ષે. ૫૦% બીજા વર્ષે ૭૫% અને ત્રીજા વર્ષથી ૧૦૦% ગ્રાન્ટ મળશે.

(ખ-૩) શહેરી વિસ્તાર એટલે મ્યુનિસિપાલીટી અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૩૦,૦૦૦ ની વસતીના ધોરણે એક શાળા પ્રમાણે ખુટતી શાળા શરૂ કરવા માટે પહેલા વર્ષે કોઈ ગ્રાન્ટ નહિ, બીજા વર્ષે ૫૦%, ત્રીજા વર્ષે. ૭૫% ચોથા વર્ષથી ૧૦૦% ગ્રાન્ટ મળશે.

(ખ)૪) ઉપર ૧ થી ૩ ના પ્રકારમાં સમાવિષ્ટ ન થતા હોય તેવા વિસ્તારમાં, ઉચ્ચતર માધ્યમિક શાળા મંજુર કરવામાં આવે તો સામાન્ય પ્રવાહ અને વાણિજ્ય પ્રવાહ માટે પહેલા ત્રણ વર્ષે કોઈ ગ્રાન્ટ નહિ, ચોથા વર્ષે ૫૦% અને પાંચમાં વર્ષથી ૧૦૦% ગ્રાન્ટ મળશે. વિજ્ઞાન પ્રવાહ માટે પહેલા વર્ષે કંઈ નહિ, બીજા વર્ષે ૪૦% ત્રીજા વર્ષે ૬૦% અને ચોથા વર્ષથી ૧૦૦% ગ્રાન્ટ મળવાપાત્ર થશે.

આ હુકમો શિક્ષણ વિભાગની ફાઈલ ક્રમાંક:બમશ-૧૧૮૯/મં.૪૭૨/૯૬/ ગ ઉપર નાણાં વિભાગની તા.૨૪-૧૦-૮૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી :
(બા.છ.યાદવ)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

શિક્ષણ વિભાગના તા.૨૫-૧૦-૮૯ના ઠરાવ ક્રમાંક:બમશ-૧૧૮૯-મં.-૪૭૨/૯૬ નું બિડાણ:-

૧૦ કિ.મી.નાં અંતરે માધ્યમિક શાળા ન હોય તેવા ગામોની યાદી.

| અ.નં. | જિલ્લો, | તાલુકો | ગામનું નામ. |
|---|---|---|---|
| ૨૧: | રાજકોટ, | પડધરી | દહિંસરડા (ઉંડુ) |
| ૨૨: | રાજકોટ, | પડધરી | ડુંગરકા |

નં.માધ્ય.બ- ૧૮૨૦૧ - ૧૮૫૦૦ /
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
રાજકોટ, તા.૧૨/૧૨/'૮૯

૧૫/૧૨/૮૯

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ,